BHARAT OMAN
REFINERIES LIMITED
(A Company promoted by Bharat Petroleum Corporation Limited and Oman Oil Company Limited)
14 & 14 A , KRISHNA BUNGALOWS ,PRAHALAD NAGAR ,AHMEDABAD-380051, TEL:09998814608,FAX:079-26937464

ક્રમાંક બી.ઓ.આર.એલ./આર.ઓ.યુ./૬(૧)/ખેડા/૨૦૧૦ તા.: ૩૧/૦૭/૨૦૧૦

પ્રતિ,
તલાટી કમ મંત્રીશ્રી,
ગામ : અસામલી,
તાલુકો : માતર,
જીલ્લો : ખેડા.

**વિષય : ભારત ઓમાન રીફાઈનરીઝ લિમીટેડના વાડીનાર – બીના ભુગર્ભ ક્રુડ ઓઈલ પાઈપલાઈનના રાષ્ટ્રિય પ્રોજેકટ સંદર્ભે જમીનમાં વપરાશી હકક સંપાદન સબંધિત કેન્દ્ર સરકારનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબત.**

ઉપરોકત વિષય સંદર્ભે જણાવવાનું કે, ખેડા જીલ્લાના માતર તાલુકાના ગામ અસામલી ની ખાનગી માલિકીની જમીનમાં ભારત ઓમાન રીફાઈનરીઝ લિમીટેડની ભુગર્ભ ક્રુડ ઓઈલ પાઈપલાઈનની કામગીરી કરવામાં આવેલ છે, જે અંગે અગાઉ કેન્દ્ર સરકાર મારફત ઉકત રિફાઈનરીઝની તરફેણમાં વપરાશી હકક સંપાદન કરવામાં આવેલ હતાં.

ઉકત પાઈપલાઈનની કામગીરી દરમ્યાન જરૂરિયાત અનુસાર કેટલીક વધુ જમીનોમાં વપરાશી હકક સંપાદન કરવાનું યોગ્ય જણાતાં, નિસ્બત ખેડુતોને વિશ્વાસમાં લઈ કામગીરી કરવામાં આવેલ છે. પરંતુ, આવી પુરક જમીનોમાં વપરાશી હકક સંપાદિત કરવાની પ્રક્રિયાના ભાગ રૂપે કેન્દ્ર સરકાર દ્વારા " ધી પેટ્રોલિયમ એન્ડ મિનરલ્સ પાઈપલાઈન્સ એકટ – ૧૯૬૨ " ની કલમ ૬(૧) અંતર્ગત ભારત સરકારના " પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય " ના તા.: ૨૧/૦૫/૨૦૧૦ ના રોજ જાહેરનામું એસ.ઓ.નંબર ૧૪૪૪ થી બહાર પાડવામાં આવેલ છે. જે, ભારતના ગેઝેટ તા.: ૦૫/૦૬/૨૦૧૦ માં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઉપરોકત ગેઝેટના મુખ્ય પાનની નકલ તેમજ ગામ અસામલી ના વિસ્તાર અંગેનાં જાહેરનામાનાં પાનાની નકલ (જાહેરનામું – હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં) આ સાથે સામેલ છે, જે પંચાયત કચેરીનાં નોટીસ બોર્ડે જાહેર કરી પ્રસિધ્ધિ અહેવાલ દિન – ૨ માં અત્રે અચૂક મોકલી આપશો.

**સક્ષમ અધિકારી**
**અને નાયબ કલેકટર**
**ભારત ઓમાન રીફાઈનરીઝ લિમીટેડ,**
**અમદાવાદ.**

**બીડાણ : ઉપર મુજબ.**

**નકલ સવિનય રવાના :– મે. નાયબ કલેકટર, પ્રાન્ત અધિકારીશ્રી, નડિયાદ.**
જાણ થવા સારું

**નકલ રવાના :– મામલતદારશ્રી, તાલુકા : માતર, જીલ્લો : ખેડા.**
જાણ થવા સારું.

F.N.: CA-COLLECTOR-6-1 LETTER-31072010.DOC

ક્રમાંક

પ્રતિ,
સક્ષમ અધિકારી
અને નાયબ કલેકટરશ્રી,
ભારત ઓમાન રીફાઈનરીઝ લિમીટેડ,
વાડીનાર – બીના પાઈપલાઈન પ્રોજેકટ,
૧૪ અને ૧૪–એ, ક્રિષ્ના બંગ્લોઝ,
પ્રહલાદનગર ગાર્ડન પાસે,
પ્રહલાદનગર,
અમદાવાદ.

વિષય : ભારત ઓમાન રીફાઈનરીઝ લિમીટેડના વાડીનાર – બીના ભુગર્ભ ક્રુડ ઓઈલ પાઈપલાઈનના રાષ્ટ્રિય પ્રોજેકટ સંદર્ભે જમીનમાં વપરાશી હકક સંપાદન સબંધિત કેન્દ્ર સરકારનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભ : (૧) આપશ્રીના પત્ર ક્રમાંક
બી.ઓ.આર.એલ./આર.ઓ.યુ./૬(૧)/ખેડા/૨૦૧૦
તા.: ૩૧/૦૭/૨૦૧૦

ઉપરોકત વિષય પરત્વેના આપશ્રીના સંદર્ભમાં જણાવેલ પત્રથી મોકલવામાં આવેલ જાહેરનામું અત્રેની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર તા.: ૭/૮/૨૦૧૦ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે વિદિત થાય.

તલાટી કમ મંત્રી
અસામલી ગ્રામ પંચાયત.
તા. માતર, જી. ખેડા.

F.N.:CA-TALATI-3-LETTER-090909.DOC